સ્કુલના બાળકોને લાવવા લઈ જવા માટે વપરાતી
થ્રી વ્હીલર ઓટોરીક્ષા તથા મારુતિ વાન,વિગેરે
વાહનો અંગે નીતિ તથા શરતો નકકી કરવા બાબત.

વાહન વ્યવહાર કમિશ્નરશ્રીની કચેરી
ડો.જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજય,બ્લોક નં.૬
૨ જે માળ, ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક-એમવીપી-સ્કુલરીક્ષા/વાન- 3331
તારીખ.૨૦-૬ -૨૦૦૬.

વંચાણે લીધા :-(૧) અત્રેના પરિપત્ર ક્રમાંક-એમવીપી-સ્કુલવાન-૧૨૩૯-તા.૩-૩-૨૦૦૬.
(૨) સુઓમોટુ રીટ પીટીશન (એસ.સી.એ) નં.૧૩૩૦૮/૨૦૦૪ માં
નામદાર હાઈકોર્ટે આપેલ ચુકાદો તા.૨૪-૪-૨૦૦૬.
(૩) સંબંધીત કાયદાકીય જોગવાઈઓ.

## પ રિ પ ત્ર.

આમુખ:-

શાળાના બાળકોને ઘેરથી શાળાએ લઈ જવા અને પરત લાવવા માટે થ્રી વ્હીલર પેસેન્જર ઓટોરીક્ષાઓ સાથે મારુતિ વાન વિગેરે જેવા ચાર પૈડાવાળા વાહનોનો મોટાપાયે ઉપયોગ થાય છે. આ વાહનો બેઠક ક્ષમતાની દ્રષ્ટીએ બે પ્રકારના હોય છે.

(૧) ૬ + ૧ સુધીની બેઠક ક્ષમતા ધરાવતાં વાહનો.

(૨) ૬ થી વધારે પરંતુ ૧૨ મુસાફરો સુધી (ડ્રાઈવર સિવાય) બેઠક ક્ષમતા ધરાવતા વાહનો.

ગુજરાત મોટર વ્હીકલ્સ રુલ્સ, ૧૯૮૯ ના નિયમ:૧૧૯(૧) મુજબ સ્કુલના ઉપયોગ માટેના પબ્લિક સર્વીસ વ્હીકલમાં બાર વર્ષની ઉંમર કરતાં વધારે ન હોય તેવું બાળક "અડધા" તરીકે ગણાય છે. આમ, આ પ્રકારના વાહનોમાં તેની નિયત થયેલ બેઠક ક્ષમતા કરતા બમણી સંખ્યામાં ૧૨ વર્ષ સુધીની ઉમંરના બાળકોને સ્કુલના હેતુ માટે લાવી, લઈ જઈ શકાય.

નામદાર ગુજરાત હાઈકોર્ટે સુઓમોટુ રીટ પીટીશન (એસ.સી.એ)નં.૧૩૩૦૮/૨૦૦૪ માં તા.૨૪-૪-૨૦૦૬ ના અંતિમ ચુકાદામાં માર્ગ સલામતી સંબંધીત કેટલાક મહત્વના દિશા નિર્દેશો આપેલા છે. જેમાં આ હેતુ માટેના પ્રકારના વાહનોમાં બાળકોના પરિવહન સંબંધે નીચેની બાબતો સંબધે દિશા નિર્દેશો તથા વચનો આપેલ છે.

૩: આ પ્રકારના વાહનોનો વપરાશ કાયદાનુસાર થાય જેથી તેમાં મુસાફરી કરતાં બાળકોને વિમાનું છત્ર મળે.

૪: આ પ્રકારના વાહનોમાં મુસાફરી કરતાં બાળકોની સંખ્યા સુનિશ્ચીત થાય.

૫: આવા વાહનોના માલીક અને ડ્રાઈવરના પૂર્વ ચારિત્ર, વર્તણૂંક, આવડત વિગેરે ચકાસ્યા બાદ જરુરી પરવાનગી આપવાની બાબત સુનિશ્ચીત થાય.

૬: બાળકોનું પરિવહન સલામતી અને સગવડતાભર્યુ થાય.

આ તમામ બાબતો ઉપર કાળજી પૂર્વક વિચારણા કરવામાં આવેલ છે. તથા સંબંધીતકાયદાકીય જોગવાઇ પણ લક્ષમાં લેવામાં આવેલ છે. નામદાર ગુજરાત હાઇકોર્ટ બાળકોની સલામતીને ખુબજ મહત્વની ગણેલ છે.અગાઉ વંચાણ-૧ થી સ્કુલના બાળકોના હેતુ માટે વપરાતી થ્રી વ્હીલર ઓટોરીક્ષાઓ માટે પરિપત્રિત સુચના આપવામાં આવેલ છે. પરંતુ ચાર પૈડાવાળા મારુતિ વાન જેવા વાહનો માટે આવી સુચનાની આવશ્યકતા હોઇ, હવે આ સંજોગોમાં નીચે પ્રમાણેની સંકલીત સુચનાઓ આપવામાં આવે છે. જે યથાપ્રસંગ થ્રી વ્હીલર ઓટોરીક્ષા તથા મારુતિવાન જેવા ચારપૈડાના વાહનને લાગુ પડશે.

(૧) જો ચાર પૈડાવાળુ વાહન સ્કુલના બાળકોને લાવવા લઇ જવા માટે પરમિટ વગર વપરાતુ હોય તો તેની સામે મોટર વ્હીકલ્સ એક્ટ,૧૯૮૮ ની કલમ ૨૦૭ હેઠળના વાહનની અટકાયત સહીતના સખત પગલાં લેવા આથી જણાવવામાં આવે છે. તેમજ આવી પરમિટ માં સ્કુલના બાળકો માટે વાપરવાનો હેતુ છે તેમ દર્શાવવું ફરજીયાત હોય જો તેના અભાવમાં આવું વાહન ફરતુ પકડાય તો પણ વાહનના વપરાશના હેતુ અંગેની પરમિટની શરતોના ભંગ બદલ મોટર વ્હીકલ્સ એક્ટ,૧૯૮૮ ની કલમ ૨૦૭ હેઠળના વાહનની અટકાયત સહીતના સખત પગલાં લેવા આથી જણાવવામાં આવે છે.

(૨) બાળકોને ઘેરથી શાળાએ અને શાળાએથી ઘેર પરત લાવવા માટે વપરાતા ઓટોરીક્ષા તથા ચાર પૈડાવાળા મારુતિ વાન જેવાં વાહનોમાં જરુરી પરમિટ આપતા પહેલાં સક્ષમ ઓથોરીટીએ તે વાહનના ઉત્પાદકે નિયત કરેલ બેઠક ક્ષમતાના બમણાથી વધારે ન હોય તેટલી મર્યાદામાં બાળકો સમાવવા માટે પરવાનગી આપવી અને જો ચેકીંગ વખતે આવા વાહનોમાં તેના ઉત્પાદકે નિયત કરેલ બેઠક ક્ષમતાના બમણાથી વધારે બાર વર્ષ સુધીના બાળકો બેસાડેલા ધ્યાનમાં આવશે તો, આવા વાહન સામે પરમીટ શરતોના ભંગ બદલની કાયદેસરની કાર્યવાહી કરવી

(૩) આવા વાહનોને પરમિટ તથા જરુરી મંજુરી આપતા પહેલાં માલીક અને ડ્રાઈવરના પૂર્વ ચારિત્ર, વર્તણૂંક વિગેરેની ચકાસણી અનિવાર્ય બનાવવા આદેશ આપેલ છે. જે બાળકોની સલામતી સંદર્ભે અત્યંત મહત્વનો અને દુરોગામી અસર ઉપજાવે તેમ છે. તેથી સુચના આપવામાં આવે છે કે, સ્કુલના હેતુ માટે વપરાશમાં લેવાતા વાન જેવા ચારપૈડાના વાહન, સ્કુલના બાળકો માટે ખાનગી બગી તથા ઓટોરીક્ષા માટે જરુરી મંજુરી આપતા પહેલાં તેના માલીક અને ડ્રાઈવર સંબંધે નીચે પ્રમાણેના પ્રમાણપત્રો મેળવીને ત્યારબાદ આગળની કાર્યવાહી કરવી.

(એ) ડ્રાઈવર તથા માલીકનો કોઇ ગુન્હાહીત ઈતિહાસ નથી કે કોઇ ગંભીર એકસીડન્ટમાં સંડોવાયેલ નથી, તે બાબતે પોલીસ ખાતાનું પ્રમાણપત્ર મેળવવું.

(બી) ડ્રાઈવરના આંખ, કાન, લીવર, છાતી વિગેરે તંદુરસ્ત છે કે કેમ ? તે માટે રજીસ્ટર્ડ મેડીકલ પ્રેકટીશનરનું પ્રમાણપત્ર મેળવવું.

(સી) પરમિટ કે જરુરી મંજુરી આપતા પહેલાં ઉકત પ્રમાણપત્રોની ચકાસણી કરી સક્ષમ ઓથોરીટીને સંતોષ થયેથી આગળની કાર્યવાહી કરતાં પહેલાં ડ્રાઈવર અને માલીકની લેખિત બાંહેધરી મેળવવી કે, ઉકત પ્રમાણપત્રોની પ્રમાણીત નકલો પોતે વાહનમાં વપરાશ વખતે સાથે રાખશે. જો ચેકીંગ વખતે તે પ્રમાણપત્રો વાહન સાથે ન જણાય તો, યોગ્ય કાર્યવાહી કરવી.

(૪) આવા વાહનને નીચેની શરતોએ પરમિટ આપવી.તેમજ આ પરિપત્ર અગાઉથી જે વાહનોએ પરમિટ મેળવી લીધેલ છે તે વાહનોમાં ફીટનેશ સર્ટીફીકેટ કે પરમિટના રીન્યુઅલ વખતે નીચેની શરતોને આધીન નિયમોનુસાર મંજુરી આપવી.ઉપરાંત સંબંધીત રીજીયોનલ ટ્રાન્સપોર્ટ ઓથોરીટીમાં જરુરી કાર્યવાહી કરી નીચેની શરતો પરમિટની શરતોમાં વધારાની શરતો તરીકે ઉમેરવા ઠરાવ મેળવી સદર શરતોને મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૭૪ ના પ્રબંધો પ્રમાણેની કાર્યવાહી કરી દરેક પરમિટ ધારકની પરમિટમાં વધારાની શરતો તરીકે ઉમેરવી.

(એ) સ્કુલના બાળકોને ભાડેથી લઇ જતા દરેક વાહનની આગળ-પાછળ સ્કુલ રીક્ષા, સ્કુલ વાન, એમ યથાપ્રસંગ સ્પષ્ટ અને મોટા અક્ષરે અવશ્ય લખવું જોઇએ.

(બી) જો આ વાહન બાળકો માટે ભાડેથી ફરતું હોય તો તેની પર "સ્કુલ વર્ધી" તેવા એમ સ્પષ્ટ દેખાય તે પ્રમાણે લખવું જોઈએ.

(સી) દરેક વાહનમાં પ્રાથમિક સારવારની પેટી બિનચુક ફરજિયાત રાખવી જોઇએ.

(ડી) દરેક વાહનમાં જરુરી અગ્નિશામક સાધનો ફરજિયાત રાખવા જોઇએ.

(ઇ) આવા વાહન ઉપર તેના માલીકનું નામ અને ટેલીફોન નંબર અવશ્ય લખેલ હોવા જોઇએ.

(એફ) સ્કુલ વાનના બારણા સારી ગુણવત્તાવાળા તાળાઓથી બંધ કરવા જોઇએ.

(જી) દરેક વાનમાં સ્કુલ બેગ સલામત રાખવા માટે જરુરી જગ્યા રાખવી જોઇએ.

(એચ) ઓટોરીક્ષામાં તથા વાનમાં ઉતારુ કમ્પાર્ટમેવધારાની બેઠક વ્યવસ્થા કરવાની રહેશે.

(આઇ) સીટ કુશન સાદી સપાટીવાળુ હોવું જોઇએ, વાંકોચુકી સપાટીવાળુ હોવું જોઇએ નહીં.

(જે) વાનમાં ઉતારુ કમ્પાર્ટમેન્ટમાં બારીઓ એવી ડીઝાઇનવાળી જાળીથી કાયમી રીતે બંધ કરવી જોઇએ કે જેથી જાળીમાંથી બાળકોનો કોઇ અવયવ બહાર આવી શકે નહીં.

(કે) વાહનમાં બલ્બ હોર્ન બેસાડેલ હોવું જોઇએ. અને આવું હોર્ન હંમેશા ચાલુ હાલતમાં હોવું જોઇએ.

(એલ) આવું વાહન કલાકનાં ૨૦ કી.મી.કરતાં વધુ ઝડપે ચલાવી શકાશે નહીં.

(એમ) વાહનમાં બાળકોનાં દફતર ડાબી તથા જમણી બાજુએ બહાર લટકાવી શકાશે નહીં.

(એન) વાહન ઉપર આગળની બાજુએ,ડાબી બાજુએ, જમણી બાજુએ તથા પાછળના ભાગમાં પીળા બેકગ્રાઉન્ડ ઉપર લાલ રંગમાં સ્કુલ વાન શબ્દ ચીતરવાનાં રહેશે.

(ઓ) ડ્રાઇવરની સીટ ઉપર કોઇપણ બાળકને બેસાડી શકાશે નહીં.

રવાના કરવા અધિકૃત.
[signature]
સંયુકત વાહન વ્યવહાર નિયામક
ગુજરાત રાજય,ગાંધીનગર.

સહી/-
(ગુરુપ્રસાદ મહાપાત્ર)
વાહન વ્યવહાર કમિશ્નર
ગુજરાત રાજય,ગાંધીનગર.

<u>નકલ રવાના :-</u>

(૧) સચિવશ્રી, બંદરો અને વાહન વ્યવહાર, બીજે માળ, બ્લોક નં.૨, સચિવાલય, ગાંધીનગર જાણ સારુ.

(૨) તમામ જીલ્લા કલેકટરશ્રીઓ.

(૩) પોલીસ મહાનિર્દેશકશ્રી,
ગુજરાત રાજય પોલીસ ભવન. સચિવાલય પાસે. ગાંધીનગર જાણ સારુ તથા આ પરિપત્રની જાણ તમામ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા જિલ્લા પોલીસ અધિકારશ્રીઓને કરવા વિનંતી સાથે.